| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJPM040025982025 | सत्यमेव जयते | ફરીયાદ આવ્યા તારીખ | : | ૧૬-૦૭-૨૦૨૫ | | |
| | | ફરીયાદ રજુ થયા તારીખ | : | ૧૬-૦૭-૨૦૨૫ | | |
| | | ફરીયાદ નિકાલ થયા તારીખ | : | ૧૭-૦૬-૨૦૨૬ | | |
| | | સમય ગાળો. | | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૦ | ૧૧ | ૦૧ |

## હાલોલના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં...

**ક્રિમીનલ કેસ નં.૧૮૭૦/૨૦૨૫**
**આંક-**

**<u>ફરીયાદી.</u>**
શ્રી સરકાર

**:: વિરૂધ્ધ ::**

**<u>આરોપી.</u>**
(૧) શિવાંગ ઉર્ફે બાદલ મોહનભાઈ ડામોર,
ઉ.વ.૩૩, ધંધો: ટ્રાન્સપોર્ટ.
(૨)મોહનભાઈ ધીરાભાઈ ડામોર,
ઉ.વ.૬૦, ધંધો: ખેતી.
(૩) ગીતાબેન મોહનભાઈ ધીરાભાઈ ડામોર,
ઉ.વ.૫૩, ધંધો: ઘરકામ.
(૪) ગીતાબેન શીવાંગભાઈ મોહનભાાઈ ડામોર,
ઉ.વ.૩૨, ધંધો: ઘરકામ.
તમામ રહે. એશીયાડ નગર, ઘર નં.-૧૬-એ, કંજરી રોડ, હાલોલ,
તા.હાલોલ,જી.પંચમહાલ.
મુળ રહે. કલ્યાણપુરા, માંડલી, તા. સંજેલી, જી.દાહોદ.

**ફરીયાદ :-ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૮,૩૫૨,૩૫૧(૩) ૫૪, તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ મુજબ.**

---

**ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.શર્મા.**
**આરોપી તર્ફે વિ.વ. શ્રી એ.ટી.શેઠ**

---

## –::: <u>ચુકાદો</u> :::–

૧. આ કામે ફરીયાદ પક્ષના કેસ ની હકીકત ટુંકમા એવી છે કે, આરોપીઓ તથા ફરીયાદી નુ મકાન એકજ સોસાયટીમા આગળ પાછળ હોય ફરીયાદીના ઘરનુ ગંદુ પાણી આરોપીઓના રહેણાંકની પાછળના ભાગેથી જતુ હોય તેમજ કચરો નાખવા બાબતેથી બંન્ને પરીવારજનો વચ્ચે ઝગડો તકરાર રહેતી હોય જેનો ખાર રાખી આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી નુ ગળુ દબાવી સાહેદ કુસુમબેન નો ચોટલો પકડી ઢીંકા પાટુનો માર મારી તથા આરોપી નં .૨ નાએ ફરીયાદીને લોખંડની પાઇપ માથામા મારી, આરોપી નં.૪ નાએ સાહેદ બહાદુરસિંહ ને લાકડી વતી માર મારી ઈજાઓ કરી ઉશ્કેરાટમા મા–બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. શ્રી પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોઈ જેથી ઉપરોકત બનાવ અંગેની હાલની ફરીયાદ, ફરીયાદીએ હાલોલ ટાઉન પોલીસ સ્ટેશને ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૮૨૫૦૦૩૭/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૮, ૩૫૨,૩૫૧(૩) , ૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબની નોધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી, લાગતા– વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો

પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

**૨.** આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે આરોપીઓને તમામ પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરુધ્ધ ગુન્હા સબબનુ તહોમતનામુ ફરમાવી આરોપીનુ નિવેદન નોંધવામાં આવતા આરોપી એ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૩.** હાલના કામે ફરીયાદ પક્ષે નીચે મુજબ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો.</u>**

| **અ.નં.** | **સાહેદની વિગત.** | **આંક.** |
|---|---|---|
| ૧. | સાહેદ સિધ્ધરાજસિંહ ફતેસિંહ મહીડા (ફરીયાદી)ની જુબાની. | ૧૭ |
| ૨. | સાહેદ કુસુમબેન સિધ્ધરાજસિંહ મહીડા ની જુબાની. | ૧૯ |
| ૩. | સાહેદ બહાદુરભાઈ સનસિંહ સોલંકી ની જુબાની. | ૨૦ |

**<u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.</u>**

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત.** | **આંક.** |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | ૧૮ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૨૧ |

| | | |
|---|---|---|
| ૩. | મુદ્દામાલ રીકવરી પંચનામુ. | ૨૨ |
| ૪. | ઈજા પામનાર ના મેડીકલ સર્ટીફિકેટ. | ૨૩ |
| ૫. | જાહેરનામુ. | ૨૪ |

**૪.** ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવી ફરીયાદ પક્ષે આંક–૨૫ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે. તેમજ ફરીયાદ પક્ષે આંક–૧૬ થી સમાધાન પુરશીસ રજુ કરેલી છે. જે જોતા પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ હોવાનુ મળી આવે છે. જેથી ફરીયાદ પક્ષ નો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધના એવા કોઈ સંજોગો કે જેનો ખુલાસો આરોપીઓ પાસેથી મેળવવો જરુરી જણાતો હોય તેમ જણાઈ આવ્યુ ન હોવાથી આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૩૫૧ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી જે.પી.પરમાર ની દલીલો સાંભળવામાં આવી.

**૫.** હાલના કેસમા પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમજ પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧ :–** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓ તથા ફરીયાદી નુ મકાન એકજ સોસાયટીમા આગળ પાછળ હોય ફરીયાદીના ઘરનુ ગંદુ પાણી આરોપીઓના રહેણાંકની પાછળના ભાગેથી જતુ હોય તેમજ કચરો નાખવા બાબતેથી બંન્ને પરીવારજનો વચ્ચે ઝગડો તકરાર રહેતી હોય જેનો

ખાર રાખી આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી નુ ગળુ દબાવી સાહેદ કુસુમબેન નો ચોટલો પકડી ઢીંકા પાટુનો માર મારી તથા આરોપી નં.૨ નાએ ફરીયાદીને લોખંડની પાઈપ માથામા મારી, આરોપી નં.૪ નાએ સાહેદ બહાદુરસિંહ ને લાકડી વતી માર મારી ઈજાઓ કરી ઉશ્કેરાટમા મા–બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. શ્રી પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૮, ૩૫૨,૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે.?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:–નકારાત્મક.

મુદ્દા નં.૨:–આખરી હુકમ મુજબ.

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણોનીચે મુજબ છે.

–:: **<u>કારણો</u>** ::–

**મુદ્દા નં.૧:–**

હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૧૧૮, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના

પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપી વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે રહે છે.

૮. આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુન્હા સબબના આવશ્યક તત્વોને ધ્યાને રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ આક્ષેપ ના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક-૧૭ થી ફરીયાદી સિધ્ધરાજસિંહ ફતેસિંહ મહીડા ને તપાસવામાં આવેલા છે. સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૪-૦૧-૨૦૨૫ ના રોજ ઉતરાયણનો તહેવાર હોઈ કચરો ફેંકવા તેમજ ગંદુ પાણી ઢોળવા બાબતે પોતાની પાછળ રહેતા બાદલભાઈ, મોહનભાઈ ગીતાબેન તથા બાદલભાઈની પત્નિ ગીતાબેન નાઓ પોતાના ઘરે આવેલા અને તેઓની સાથે બોલાચાલી થયેલી. બોલાચાલી થતા ફળીયાના માણસો ભેગા થઈ ગયેલા ફળીયાના માણસો ભેગા થઈ જતા આરોપીઓ ત્યાંથી જતા રહેલા. બનાવ બાબતે પોલીસમા ફરીયાદ આપેલી ફરીયાદમા પોતાની સહી હોવાનુ ઓળખી બતાવી ફરીયાદ પોતાના પુરાવામા આંક-૧૮ થી રજુ કરી છે તેમજ પોતે આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનુ તથા નામદાર કોર્ટમા આજરોજ હાજર છે તે જ હોવાની હકીકત જણાવી છે.

આમ ફરીયાદી સાહેદે પોતાની ફરીયાદથી વિરુધ્ધની હકીકતો જુબાનીમા જણાવતા સાહેદ ને વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ સાહેદની વિ.એ.પી.પી.શ્રી ધ્વારા વિગતવાર ઉલટ તપાસ પુરાવા કલમ-૧૫૪ અન્વયે કોર્ટની પરવાનગીથી ઉલટ તપાસમા

પુછી શકાય તેવા પ્રશ્નો પુછી કરવા છતા સાહેદના પુરાવાથી ફરીયાદ ને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામા ફરીયાદપક્ષ સફળ થઈ શકેલો નથી.

તે બાદ સાહેદ ની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સાહેદે '' એ હકીકત ખરી હોવાનુ જણાવેલ છે કે, બનાવ બાદ પોતાની સાથે પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા માટે પોતાના મિત્રો અને સબંધીઓ આવેલા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, ફરીયાદ ની બધી હકીકત પોલીસને પોતાના સબંધીઓએ લખાવેલી જે બાદ પોતે ફરીયાદમાં માત્ર સહી કરેલી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાની ફરીયાદમા શું લખેલુ તે પોતે વાંચેલુ નહિ કે પોતાને કોઈએ વાંચી સંભળાવેલ નથી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતે ડોકટર રુબરુ કોઈ આરોપીના નામો જણાવેલ નથી કે શેના વડે ઈજા થયેલી તે પણ જણાવેલ નથી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, આજે પણ પોતે તથા આરોપીઓ આજુબાજુમા રહીએ છીએ અને અમને એકબીજાથી કોઈ ભય નથી

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ કુસુમબેન સિધ્ધરાજસિંહ મહીડાને તથા આંક–૨૦ થી બહાદુરભાઈ શનસિંહ સોલંકી ને તપાસવામાં આવેલા છે. સદર સાહેદોએ પણ પોતાના સોગંદ ઉપરના પુરાવામા સદર કામના ફરીયાદી સાહેદે બનાવ વીશે પોતાના પુરાવાથી જે હકીકત જણાવી છે તેવી જ હકીકત વાળો મહત્વનો પુરાવો રજુ કરેલો હોઈ સાહેદના પુરાવાનુ પુનરાવર્તન કરવામા આવતુ નથી.

૯. આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી ભોગબનનાર તથા બનાવ નજરે જોનાર સાહેદ ના પુરાવા નુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી સિધ્ધરાજસિંહ ફતેસિંહ ડામોર નાઓએ  આંક–૧૮ ની પોલીસ રુબરુ જે ફરીયાદ આપેલ છે તેમાં આરોપી વિરુધ્ધના ગુન્હાને લગતી મહત્વની હકીકતો જણાવેલી છે તેવી હકીકતો ને ફરીયાદી સાહેદે પોતાની સોગંદ ઉપર ની જુબાનીમાં સમર્થન આપેલ નથી આમ, ફરીયાદ પક્ષના મહત્વના સાહેદની જુબાની ધ્વારા એવી હકીકત પ્રસ્થાપિત થઈ શકેલ નથી કે, આરોપીઓ તથા ફરીયાદી નુ મકાન એકજ સોસાયટીમા આગળ પાછળ હોય ફરીયાદીના ઘરનુ ગંદુ પાણી આરોપીઓના રહેણાંકની પાછળના ભાગેથી જતુ હોય તેમજ કચરો નાખવા બાબતેથી બંન્ને પરીવારજનો વચ્ચે ઝગડો તકરાર રહેતી હોય જેનો ખાર રાખી આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી નુ ગળુ દબાવી સાહેદ કુસુમબેન નો ચોટલો પકડી ઢીંકા પાટુનો માર મારી  તથા આરોપી નં.ર નાએ ફરીયાદીને લોખંડની પાઈપ માથામા મારી, આરોપી નં.૪ નાએ સાહેદ બહાદુરસિંહ ને લાકડી વતી માર મારી ઈજાઓ કરી ઉશ્કેરાટમા મા–બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. શ્રી પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી હાલનો ગુન્હો આચરેલો હોય. આવી કોઈ હકીકત જુબાની ધ્વારા રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, ફરીયાદ પક્ષ મૌખિક પુરાવા ધ્વારા આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(ર),૧૧૮, ૩પર, ૩પ૧(૩), પ૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩પ મુજબ નો ગુનો પુરવાર કરી શકેલ નથી.

૧૦. ફરીયાદ પક્ષે બાકી રહેતા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેવામા આવે તો આંક–૨૧ થી ગુના વાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે પરંતુ તેનાથી આરોપી વિરૂઘ્ધના ગુનાને લગતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ આંક–૨૨ થી મુદ્દામાલ હથીયાર કબજે કર્યા અંગેનુ પંચનામુ રજુ થયેલ છે, જે ઘ્યાને લેતા ગુનામાં વપરાયેલ હથીયાર કબજે કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ખુદ ફરીયાદી તથા ભોગબનનાર,બનાવ નજરે જોનાર સાહેદ એ બનાવ સમયે આરોપીઓએ કોઈ હથીયારનો ઉપયોગ કરેલ હોય કે હથીયાર વડે કોઈ ઈજા પહોચાડેલ હોય તેવી હકીકતોને સમર્થન આપેલ નથી. તેમજ આંક–૨૩ થી ઈજાપામનાર સાહેદ ને થયેલી ઈજાઓ સબંધેનુ મેડીકલ સર્ટીફિકેટ રજુ થયેલ છે, પરંતુ આવી ઈજાઓ આ કામના આરોપી દવારા પહોચાડવામાં આવેલ હોય તેવી હકીકતને ખુદ ફરીયાદી ભોગ બનનાર–બનાવ નજરે જોનાર ઈજા પામનાર સાહેદો ઘ્વારા તેમની સોગંદ ઉપરની જુબાની મા સમર્થન આપેલ નથી.તેમજ આંક–૨૪ થી જીલ્લા મેજી.શ્રીનુ જાહેરનામુ રજુ થયેલ છે પરંતુ આરોપીઓએ કોઈ હથીયારથી ઈજાઓ પહોંચાડી હોવાની હકીકત જ પુરવાર થતી ન હોઈ જાહેરનામાનો ભંગ થયેલો હોવાનુ માની શકાય તેમ નથી.આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપીઓ વિરુઘ્ધ ના ગુનાને પુરવાર કરવામા મદદરુપ નીવડી શકેલ નથી.

૧૧. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા બનાવ સમયે, બનાવ તારીખે અને બનાવ સ્થળે આરોપીઓ તથા ફરીયાદી નુ મકાન એકજ સોસાયટીમા આગળ

પાછળ હોય ફરીયાદીના ઘરનુ ગંદુ પાણી આરોપીઓના રહેણાંકની પાછળના ભાગેથી જતુ હોય તેમજ કચરો નાખવા બાબતેથી બંન્ને પરીવારજનો વચ્ચે ઝગડો તકરાર રહેતી હોય જેનો ખાર રાખી આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી નુ ગળુ દબાવી સાહેદ કુસુમબેન નો ચોટલો પકડી ઢીંકા પાટુનો માર મારી તથા આરોપી નં .૨ નાએ ફરીયાદીને લોખંડની પાઈપ માથામા મારી, આરોપી નં.૪ નાએ સાહેદ બહાદુરસિંહ ને લાકડી વતી માર મારી ઈજાઓ કરી ઉશ્કેરાટમા મા-બેન સમાણી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. શ્રી પંચમહાલના જાહેરનામાનો ભંગ કરી હાલનો ગુન્હો કરેલો હોય '' તેવી હકીકત પુરવાર થઈ શકેલ નહોઈ આરોપીને તેઓની વિરુધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧ અન્વયે આ કામના આરોપીઓ(૧) શિવાંગ ઉર્ફે બાદલ મોહનભાઈ ડામોર, (૨) મોહનભાઈ ધીરાભાઈ ડામોર, (૩) ગીતાબેન મોહનભાઈ ધીરાભાઈ ડામોર,(૪) ગીતાબેન શીવાંગભાઈ મોહનભાાઈ ડામોર,તમામ રહે. એશીયાડ નગર, ઘર નં.-૧૬-એ, કંજરી રોડ, હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ. મુળ રહે. કલ્યાણપુરા, માંડલી, તા. સંજેલી, જી.દાહોદ નાઓને ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૧૧૫(૨)

,૧૧૮,૩૫૨,૩૫૧(૩),૫૪ તથા જી.પી.એકટ ની કલમ- ૧૩૫ મુજબના ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ-૪૩૭(એ) મુજબ રુા. ૫૦૦૦/- ના જાત જામીન તથા સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:-હાલોલ

તારીખ : ૧૭/૦૬/૨૦૨૬

**(રાજેશકુમાર બટુકલાલ જોષી)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
હાલોલ.
કોડ નં. જી.જે.૦૦૯૫૨.

એન.એમ.વાળંદ.